॥ શ્રી શિવમહિમ્નઃ સ્તોત્રમ્ ॥

ભાષાન્તર

- પ્રા. નવીન જોશી

હરિ : ૐ

ગજાનનં ભૂતગણાધિસેવિતં, કપિત્થજમ્બૂફલચારુભક્ષણમ્ ।
ઉમાસુતં શોકવિનાશકારકં, નમામિ વિઘ્નેશ્વરપાદપંકજમ્ ॥

હરિ : ૐ

શ્રી પુષ્પદંત ઉવાચ -

મહિમ્નઃ પારં તે પરમવિદુષો યદ્યસદૃશી
સ્તુતિર્બ્રહ્માદીનામપિ તદવસન્નાસ્ત્વયિ ગિરઃ ।
અથાવાચ્યઃ સર્વઃ સ્વમતિપરિણામાવધિ ગૃણન્
મમાપ્યેષઃ સ્તોત્રે હરનિરપવાદઃ પરિકરઃ ॥૧॥

અજ્ઞાન - પાપ - તાપનું હરણ કરનાર હે શિવજી (નિર્ગુણ-નિરાકાર-નિર્માયિક) આપના મહિમાને અંતિમ અવધિ સુધી અર્થાત્ પૂર્ણરૂપે ન સમજનારા-અણજાણ માનવ દ્વારા કરાયેલી આપની સ્તુતિ જો આપના સ્વરૂપને યોગ્ય નથી, અર્થાત્ જેવી હોવી જોઇએ તેવી નથી થઇ શકી, ત્યારે વાણીના અધ્યક્ષ બ્રહ્માદિ દેવોની વાણી અર્થાત્ સ્તુતિ આપને માટે અયોગ્ય જ છે, અને જો કદાચ બધા જ પોતપોતાની બુદ્ધિ શક્તિને અનુરૂપ સ્તુતિ કરનાર નિર્દોષ છે ત્યારે તો મારી પણ આપની સ્તુતિ કરવામાં આ (મહિમ્નઃ સ્તોત્રનિર્માણરૂપ) પ્રયત્ન નિર્દોષ જ છે, કોઇ પણ રીતે નિંદનીય થઇ જ શકતો નથી.

અતીતઃ પન્થાનં તવ ચ મહિમા વાંગમનસયો -
રતદ્વ્યાવૃત્યા યં ચકીતમભિધત્તે શ્રુતિરપિ ।

સ કસ્ય સ્તોતવ્યઃ કતિવિધગુણઃ કસ્ય વિષયઃ
પદે ત્વર્વાચીને પતતિ ન મનઃ કસ્ય ન વચઃ ॥૨॥

હે હર, આપનું માહાત્મ્ય તો વાણી અને મનના માર્ગ (વિષય) થી પર છે, અલગ છે, કેમકે, જે આપ કે આપના નિર્ગુણ નિરાકાર અનિર્વચનીય માહાત્મ્ય અથવા સ્વરૂપને વેદ પણ ભાગત્યાગલક્ષણાદિ દ્વારા (પ્રતિપાદન કરવા છતાં પણ ક્યાંય અનુચિત વર્ણન ન થઇ જાય) એ ભયથી આશ્ચર્યાન્વિત થઇને પ્રતિપાદન કરે છે, અને એ સગુણ નિરાકાર પરમેશ્વર ગમે તેટલાય (અનન્ત) પ્રકારે ગુણવાળા છે, તાત્પર્ય એ કે સાન્તવાણી (જેને અન્ત છે એવી વાણી) અથવા બુદ્ધિ અનન્તના ગાન અથવા જ્ઞાન કોઇ પણ પ્રકારે કરી શકે નહિ. તથા એ પરમાત્મા કોઇ શબ્દ અથવા અંતઃકરણની વૃત્તિનો વિષય થઇ શકે નહિ. સ્વયં વિષયી અથવા નિર્વિષય હોવાને કારણે વાચ્યરૂપથી કોઇનો ય વિષય થઇ શકે નહિ તથાપિ હે ભક્તાધીન ભોલેનાથ, આપના નવનિર્મિત, પરમ રમણીય, સગુણસાકાર સ્વરૂપમાં તો કોનું મન રમમાણ થતું નથી ? અને કોની વાણી તન્મય થઇ જતી નથી ? એટલે કે પરમ રમણીય આપના સગુણસાકારનું ગુણગાન કે ગુણવર્ણન કરવામાં બધાનાં મનવાણી મસ્ત બની જાય છે.

મધુસ્ફીતા વાચઃ પરમમૃતં નિર્મિતવત
સ્તવ બ્રહ્મન્ કિં વાગપિ સુરગુરોર્વિસ્મયપદમ્ ।
મમ ત્વેતાં વાણીં ગુણકથનપુણ્યેન ભવતઃ
પુનામીત્યર્થેઽસ્મિન્પુરમથન બુદ્ધિર્વ્યવસિતા ॥૩॥

હે બ્રહ્મસ્વરૂપ શિવજી, મધમીઠી એટલે કે સંસારના સમસ્ત મધુર પદાર્થોથી પણ અત્યંત મધુર, સર્વથા નિર્દોષ અમૃતમય વેદવાણીને (નિઃશ્વાસરૂપે) નિર્માણ કરવાવાળા સર્વજ્ઞ સર્વશક્તિ અન્તર્યામી આપને દેવગુરુ (બૃહસ્પતિજી) ની પણ વાણી (સ્તુતિ) શું આશ્ચર્યમાં નાખનારી થઇ શકે છે ? એટલે કે ના. સર્વશ્રેષ્ઠ વેદવાણીની રચના કરનારા તમારે માટે દેવરાજ અથવા દેવગુરુકૃત સ્તુતિ પણ વિસ્મય-જનક નથી બની શકતી. તો પણ ત્રિપુરાસુરનો ઉદ્ધારકરનાર હે શિવજી, હું તો મારી

આ (અમંગળ) વાણીને આપનાં ગુણગાન કરવાથી ઉત્પન્ન થનાર પુણ્ય દ્વારા પાવન કરી લઉં, એટલા માટે આ (આપના ગુણગાન 'સ્તુતિ' રૂપ) કાર્યમાં મારી બુદ્ધિ તત્પર થઇ છે.

તવૈશ્વર્યં યત્તજ્જગદુદય રક્ષાપ્રલયકૃત્
ત્રયીવસ્તુ વ્યસ્તં તિસૃષુ ગુણભિન્નાસુ તનુષુ ।
અભવ્યાનામસ્મિન્વરદ રમણીયામરમણીં
વિહન્તું વ્યાક્રોશીં વિદધત ઈહૈકે જડધિયઃ ॥૪॥

હે વરદાન આપીને બધાંને નિહાલ કરી દેનાર શમ્ભો, જગતનો ઉદય (સર્જન) પાલન અને પ્રલય (વ્યવસ્થાપન) કરનારા, ઋક્, યજુ, સામ આદિક બધા વેદ જેનું વસ્તુ (વાસ્તવિક) રૂપે પ્રતિપાદન કરે છે, તથા સત્ત્વ, રજ અને તમોગુણના ભેદથી ભિન્ન (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરે) ત્રણે, શરીરોમાં - મૂર્તિઓમાં વિભક્ત થયેલા, જે અહીં (બ્રહ્માંડભરમાં) પ્રસિદ્ધ આપનું ઐશ્વર્ય (માહાત્મ્ય) છે, એનું ખંડન કરવા માટે ઘણા કોઇ જડબુદ્ધિવાળા (નાસ્તિક લોક) કુબુદ્ધિવાળાને સારી લાગે તેવી (પરંતુ અસલમાં) ખરાબ, અહિતકર આપના ઐશ્વર્યના વિષયમાં મિથ્યા કલ્પનાઓ કરીને બકવાસ કરે છે.

કિમીહઃ કિંકાયઃ સ ખલુ કિમુપાયસ્ત્રિભુવનં
કિમાધારો ધાતા સૃજતિ કિમુપાદાન ઈતિ ચ ।
અતર્ક્યૈશ્વર્યે ત્વય્યનવસરદુઃસ્થો હતધિયઃ
કુતર્કોડયં કાંશ્ચિન્મુખરયતિ મોહાય જગતઃ ॥૫॥

ત્રિભુવનનું નિર્માણ કરતી વખતે તે ત્રિભુવનનિર્માતા બ્રહ્મા ક્યા આધાર પર બેસીને, કઇ ઇચ્છાથી, કોને માટે, ક્યા શરીરથી, ક્યાં કારણો (પદાર્થો કે મસાલાઓ) થી આ ત્રણે લોકોને કે બ્રહ્માંડને પેદા કરે છે, આ પ્રકારનો આ કુતર્ક જેમનું ઐશ્વર્ય તર્કનો વિષય બની શકતું નથી, એવા આપના વિશે અવકાશ ન પામીને ડામાડોળ થયો હોવા છતાં પણ, જગતને અજ્ઞાન અથવા ભ્રમમાં ફસાવી રાખવા, કેટલાક નષ્ટબુદ્ધિ અથવા બુદ્ધિહીન જનોને વાચાળ તથા બકવાદ કરનાર બનાવતા રહે છે.

અજન્માનો લોકાઃ કિમવયવવન્તોऽપિ જગતા -
મધિષ્ઠાતારં કિં ભવવિધિરનાદૃત્ય ભવતિ ।
અનીશો વા કુર્યાદ્ભુવનજનને કઃ પરિકરો
યતો મન્દાસ્ત્વાં પ્રત્યમરવર સંશેરત ઇમે ॥૬॥

દેવતાઓમાં શ્રેષ્ઠ હે મહાદેવજી, આ (પ્રત્યક્ષ અનુભવમાં આવનાર) પૃથિવી વગેરે લોક અથવા અવલોકનના વિષયપદાર્થ સાવયવ હોવા છતાં પણ શું જન્મરહિત થઇ શકે છે ? (ન જ થઇ શકે, કેમકે, જે પદાર્થ અવયવવાળા હોય છે, એ બધાના બધા જ ઉત્પત્તિ સ્થિતિ અને નાશવાળા જ હોય છે અને) શું જગતની ઉત્પત્તિ કાર્ય ભૂ આદિ ચૌદ ભુવનોના કર્તા વિના જ થઇ ગયા હશે ? ના, કર્તા વગર કોઇ પણ કાર્ય ક્યારેય થઇ જ શકતું નથી. જો (કહો કે) ઇશ્વરથી ભિન્ન અથવા સામર્થ્યહીન કોઇ જીવ જ (જગત) બનાવનાર થઇ શકે છે, તો ભૂ આદિ ભુવનોને ઉત્પન્ન કરવામાં સામર્થ્યહીન એ જીવરૂપી કર્તાની પાસે જગતને પેદા કરવાની કઇ સાધનસામગ્રી હતી ? એટલે કે જીવની પાસે કોઇ પણ સાધનસંપત્તિ ન હોવાને કારણે તે કર્તા નથી થઇ શકતો, તો પછી પેલા લોકો આવી ઉટપટાંગની કુશંકાઓ શા માટે ક્યાં કરે છે ? એટલા માટે કે તેઓ મંદભાગ્ય અને મંદબુદ્ધિ પણ છે તેથી આપના વિષયમાં સંશયાત્મા જ બની રહે છે.

ત્રયી સાંખ્યં યોગઃ પશુપતિમતં વૈષ્ણવમિતિ
પ્રભિન્ને પ્રસ્થાને પરમિદમદઃ પથ્યમિતિ ચ ।
રુચીનાં વૈચિત્ર્યાદૃજૂકુટિલનાનાપથજુષાં
નૃણામેકો ગમ્યસ્ત્વમસિ પયસામર્ણવ ઇવ ॥૭॥

ત્રણે વેદ સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, પાશુપતશાસ્ત્ર (શૈવમત) વૈષ્ણવમત ઇત્યાદિક સચ્ચિદાનન્દ સાગર પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ માટે સાક્ષાત્ પરમ્પરા અથવા ઉપર્યુક્ત ભિન્ન ભિન્ન માર્ગો અથવા મતમતાંતરોથી અમારો મત દૂર કુટિલ ક્લિષ્ટ હોવા છતાં પણ સાક્ષાત્ મોક્ષ આપનાર હોવાથી શ્રેષ્ઠ છે અને (એ બીજાઓનો પન્થ) પથમાં-માર્ગમાં ચાલતી વખતે જ હિતકર અને સરળ હોવા છતાં પરમ્પરા

દ્વારા જ મોક્ષદાયક હોવાથી શ્રેષ્ઠ નથી, આ પ્રકારે રુચિઓ ભિન્ન ભિન્ન હોવાથી રુચિ અનુસાર વાંકાસીધા અનેક માર્ગોના અનુયાયી મનુષ્યોને ઉબડખાબડ વિવિધ માર્ગોથી પ્રવાહિત થનારા જલ પ્રવાહને સમુદ્રની જેમ આપ જ એક મુખ્યરૂપી પ્રાપ્ત કરવા યોગ્ય છો. એટલે કે જેવી રીતે પાણી ગમે ત્યાંથી વહીને એક સમુદ્રમાં જ પહોંચે છે તેવી રીતે કોઇ પણ સંપ્રદાયમાં માનવાવાળા જિજ્ઞાસુ લોકો એક આપ (શિવજી) ને જ પ્રાપ્ત કરે છે. એમણે ચાલતા રહેવું જોઇએ.

મહોક્ષઃ ખટ્વાંગં પરશુરજિનં ભસ્મ ફણિનઃ
કપાલં ચેતીયત્તવ વરદ તન્ત્રોપકરણમ્ ।
સુરાસ્તાં તામૃદ્ધિં દધતિ તુ ભવદ્ભ્રુપ્રણિહિતાં
ન હિ સ્વાત્મારામં વિષયમૃગતૃષ્ણા ભ્રમયતિ ॥૮॥

"વર" ઉત્તમોત્તમ પદાર્થોને "દ" આપીને સર્વને માલામાલ કરી દેનાર હે શંકર, આપની પાસે સવારી કરવા માટે ઘરડો બળદ છે (પોઠિયો) જેના ત્રણ પગ અદશ્ય છે, ગાયબ છે, (ઘરની સુશોભિત કરનાર રાચરચીલામાં) ખાટલાનો એક પાયો જ છે, હથિયારોમાં કે સાધનોમાં લાકડાં ફાડવા માટેની ધાર વગરની એક કુહાડી છે. (એબ ઢાંકવા માટે એક જીર્ણશીર્ણ) વ્યાઘ્ર, મૃગ કે ગજ ચર્મનો ટુકડો છે. શરીરમાં લગાડવા માટે ઉબટનમાં કોઇ એક ભાગ્યશાળી ભક્તના દેહની ભસ્મ છે. (શરીરને સુશોભિત રાખવા માટેના અલંકારોમાં) થોડા ફેણવાળા સર્પો છે, બે ચાર ટોપલા વિંછીઓ છે અને ભોજનાદિ માટેનાં (વાસણોમાં) કોઇ બ્રહ્મવેત્તાની ખોપરી છે. ઉપર્યુક્ત આટલી જ આપના ગૃહવ્યવહાર ચલાવવા માટેની સામગ્રી છે, સંપત્તિ છે ! આથી તો એવું જણાય છે કે હે આશુતોષ શિવજી, તમે વરદ નથી જણાતા પણ મહાદરિદ્ર જ છો, પણ ના એવું નથી. એવું થવું સંભવિત જ નથી એવું કેમ ? તો સાંભળો સુકર્મમાં લાગ્યા રહેનારા સુકૃતિજનો અને ઇન્દ્ર આદિ દેવતા સૌ એ અવર્ણનીય અને અલૌકિક સમૃદ્ધિને આપના કૃપાકટાક્ષથી જ પ્રાપ્ત કરી શક્યા છે અને સ્વતંત્રરૂપે ઉપયોગ કરી રહ્યા છે. (હે સદાશિવ, આપ આવા અનોખા દાતા છો) તો પછી પોતાને માટે થોડી ભોગસામગ્રી રાખી કેમ ન મૂકી ? એવો પ્રશ્ન થતાં કહે છે કે જ્યારે અહર્નિશ સ્વસ્વરૂપભૂત આત્મામાં જ રમણ કરવાવાળા જીવોને

પણ ભોગ્ય પદાર્થોથી પ્રાપ્ત થનાર શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધરૂપી વિષયોની મૃગતૃષ્ણા ભ્રમમાં ફસાવીને પોતાની તરફ આકર્ષિત નથી કરી શકતી, તો પછી આત્મસ્વરૂપ શિવજીને ભરમાવી ન શકે એમાં તો કહેવાનું જ શું હોય ?

ધ્રુવં કશ્ચિત્સર્વં સકલમપરસ્ત્વધ્રુવમિદં
પરો ધ્રોવ્યાધ્રૌવ્યે જગતિ ગદતિ વ્યસ્તવિષયે ।
સમસ્તેઽપ્યેતસ્મિન્પુરમથન તૈર્વિસ્મિત ઇવ
સ્તુવંજિહ્વેમિ ત્વાં ન ખલુ નનુ ધૃષ્ટા મુખરતા ॥૯॥

હે ત્રિપુરારે, કોઇ એક સત્કાર્યવાદી સાંખ્યાદિમતાનુયાયી આ સ્થૂલસૂક્ષ્માદિ સર્વ પદાર્થસમુદાય નિત્ય એટલે કે નાશરહિત છે એ પ્રકારે સ્પષ્ટસ્વરે ઉદ્‌ઘોષ કરે છે અને કોઇ બૌદ્ધાદિ મતાનુસારી આખાને આખા બ્રહ્માણ્ડાન્તરવર્તી વસ્તુ સમુદાય અનિત્ય એટલે કે નાશવાન્, અસત્ કે શૂન્ય કહે છે, તથા બીજા કોઇ ન્યાય-વૈશેષિકાદિ મતાવલંબી નિત્યત્વ તથા અન્ય કોઇ અનિત્યત્વના વિષય વિશ્વના પદાર્થોમાં વિભક્ત છે એટલે કે સાવયવ પદાર્થ સ્થૂલરૂપે અનિત્ય તથા પરમાણુઆદિક નિરવયરૂપે સૂક્ષ્મ પદાર્થ નિત્ય છે - એવું માને છે. આ બધા મતવાદોને કારણે આશ્ચર્યચકિત થઇને પણ એ મતમતાંતરો દ્વારા આપની સ્તુતિ કરતાં હું શર્મિન્દગી અનુભવતો નથી. સાચે જ વાચાળતા જ ધીટ હોય છે. અર્થાત્ હું બકવાદી હોવાને કારણે આપની સ્તુતિમાં આગળપાછળનો અને ઉચિત-અનુચિતનો વિવેક ન કરીને ધીટ અને નિર્લજ્જની જેમ જ કાંઇ મનમાં આવે તેમ બબડતો ચાલું છું.

(એક વખત બ્રહ્મા અને વિષ્ણુ વચ્ચે 'અમારા બે માં મોટું કોણ છે' એ વિષય પર ઝગડો થઇ ગયો. શિવજીએ એમની સામે લિંગાકાર જ્યોતિઃ સ્વરૂપમાં પ્રગટ થઇને એમના પર અનુગ્રહ કર્યો અને એમના વિવાદનો નિર્ણય કર્યો. આ કથા દશમાં શ્લોકમાં સંક્ષેપથી કહે છે.)

તવૈશ્વર્યં યત્નાદ્યદુપરિ વિરંચિર્હરિરધઃ
પરિચ્છેત્તું યાતાવનલમનલસ્કન્ધવપુષઃ ।
તતો ભક્તિશ્રદ્ધા ભરગુરુગૃણદ્‌ભ્યાં ગિરીશ યત્
સ્વયં તસ્થે તાભ્યાં તવ કિમનુવૃત્તિર્ન ફલતિ ॥૧૦॥

હિમગિરિના ખોળામાં સમાધિમગ્ન હે શંકર, અગ્નિના થાંભલા સમાન જ્યોતિર્મય આકૃતિધારી આપ (ઇશ્વર) નું જે લિંગાકાર સ્વરૂપ છે એનો તાગ પામવા માટે બ્રહ્મા ઉપરના ભાગમાં ગયા અને ભયહારીભગવાન્ વિષ્ણુ નીચેના ભાગમાં ગયા, પૂર્ણ પ્રયત્નપૂર્વક ગયા, (પરન્તુ દેવતાઓને હિસાબે હજારો વર્ષો પર્યન્ત દોડવા છતાં પણ) પાર ન પામી શક્યા, ત્યારે દુરાગ્રહ છોડીને ભક્તિ અને શ્રદ્ધાના ભારથી નમ્ર થઇને ખૂબ સ્તુતિ કરતાં કરતાં એ બન્ને આપના એ જ્યોર્તિલિંગની સમક્ષ શરણાગત ભાવે મૌન થઇ ઊભા રહી ગયા. એ પછી આપે એ બન્નેના વિવાદનો ફેંસલો કર્યો અને એમને પોતાનું શુદ્ધ-સ્વરૂપનું દર્શન કરાવ્યું, સાક્ષાત્કાર કરાવ્યો. હે ભોળાભંડારી, આપના શ્રદ્ધાભક્તિપૂર્વક કરેલા અનુવર્તન શરણાગતાદિરૂપ અનુસરણ ક્યાં ક્યાં ફળ નથી આપતું ? અપિતુ આપની સેવાથી ઇહ લોક, પરલોક અને મોક્ષ પર્યંતની બધી જ મનોવાંછિત કામનાઓનું ફળ સહજમાં જ મળી જઇ શકે છે.

અયત્નાદાપાદ્ય ત્રિભુવનમવૈરવ્યતિકરં
દશાસ્યો યદબાહૂનભૃત રણકંડુપરવશાન્ ।
શિરઃ પદ્મશ્રેણીરચિતચરણામ્ભોરુહબલે :
સ્થિરાયાસ્ત્વદ્ભક્તેસ્ત્રિપુરહર ! વિસ્ફૂર્જિતમિદમ્ ॥૧૧॥

હે સ્થૂલ, સૂક્ષ્મ, કારણ ત્રણે પુરો (શરીરો) ને હરી લેનાર અથવા ત્રણે શરીરોમાં આસક્ત જીવભાવરૂપ ત્રિપુરાસુરનો સંહાર કરનાર કૃપાળુ શંકર, કે જે દશમુખ રાવણ ભૂર્ભુવઃસ્વઃ ત્રણે લોકોને વગર વિશેષ પ્રયત્ને એટલે કે સહજમાં જ વૈરભાવના લેશવગર અર્થાત્ નિષ્કંટક બનાવીને અર્થાત્ લડાઇના પડકારનો જવાબ આપનાર અને સંગ્રામમાં સામનો કરનાર ત્રિલોકમાં પણ કોઇ ન મળવાથી યુદ્ધ કરવાની ચળ જેને બરાબર ઊપડી છે એવા વીશવીશ હાથ સાથે સ્વછંદ ફર્યા કરતો હતો. આ બધું પોતાનાં મસ્તકોને પોતાના જ હાથે એક પછી એક એમ કાપીને હવન-કુણ્ડમાં કેટલીય વાર હોમી દીધાં હશે-આવી બલિ છે, બલિદાન છે, કુર્બાની છે. એવો રાવણ હતો. આપનાં ચરણકમલોમાં પૂજા માટે પોતાના મસ્તકોરૂપી કમળની માળાઓ બનાવીને સાદર સમર્પિત કરી છે જેને કારણે રાવણ જેવી સ્થાયી ભક્તિના પ્રતાપનું જ સ્ફૂરણ છે.

અમુષ્યત્વત્સેવા સમધિગતસારં ભુજવનં
બલાત્કૈલાસેઽપિ ત્વદધિવસતૌ વિક્રમયતઃ ।
અલભ્યા પાતાલેઽપ્યલસચલિતાઙ્ગુષ્ઠ શિરસિ,
પ્રતિષ્ઠા ત્વય્યાસીદ્ધ્રુવમુપચિતો મુહ્યતિ ખલઃ ॥૧૨॥

આપના નિવાસ સ્થાન કૈલાસ પર્વત પર જ આપની સેવા (કૃપા) થી પ્રાપ્ત કરેલી શક્તિ એવા રાવણ જેમાં ભુજાઓનું વન એટલે કે બાહુબલને હઠપૂર્વક (અભિમાનથી યુક્ત) પ્રયોગ કરવાવાળા રાવણની શી દશા થઇ ? સાંભળો. તમારા પગના અંગૂઠાના અગ્રભાગના થોડા જ હલનથી કૈલાસ જરા દબાયો એટલામાં જ પાતાલમાં પણ શોધ્યો ન જડે તેવી રીતે રાવણ ઠેઠ નીચે ને નીચે ધસતો ગયો. ખરેખર, દુષ્ટ, અધૂરા લોકો ઉન્નતિને પામીને મોહમાં ફસાઇ જાય છે અને ઉન્નતિના અભિમાનમાં ઉપકારને પણ ભૂલી જાય છે.

યદૃદ્ધિં સુત્રામ્ણો વરદ પરમોચ્ચૈરપિ સતી -
મધશ્ચક્રે બાણઃ પરિજન વિધેયત્રિભુવનઃ ।
ન તચ્ચિત્રં તસ્મિન્વરિવસિતરિત્વચ્ચરણયો -
ર્નકસ્યાઉન્નત્યૈ ભવતિ શિરસસ્ત્વય્યવનતિઃ ॥૧૩॥

વગર માગે પણ અનધિકારીને પણ બન્ને હાથે વરદાનની લ્હાણી કરવાવાળા હે ભોલે બાબા, બાણાસુર કે જેણે ત્રણે લોકને આજ્ઞાકારી સેવક બનાવી રાખ્યા હતા એવા બહાદુર બાણાસુરે સર્વશ્રેષ્ઠ ત્રિલોકીના રાજા ઇન્દ્રની સંપત્તિ પણ નીચી પાડી દીધી. તમારી સેવામાં રહેનાર બાણાસુર આવું કરી બતાવે તેમાં શું આશ્ચર્ય ? આપને જે નમે છે તેની ઉન્નતિ થયા વગર રહે જ નહિ એટલે કે આપની સેવા કરવાથી, આપને પ્રણામ કરવાથી અઢળક સંપત્તિ અને ઉન્નતિ પામી શકાય છે. નમે તે ઉન્નતિને પામે છે.

અકાણ્ડબ્રહ્માણ્ડક્ષયચકિતદેવાસુરકૃપા -
વિધેયસ્યાસીદ્યસ્ત્રિનયન વિષં સંહૃતવતઃ ।

સકલ્માષઃ કણ્ઠે તવ ન કુરુતે ન શ્રિયમહો -
વિકારોઽપિ શ્લાઘ્યો ભુવનભયભંગવ્યસનિનઃ ।।૧૪।।

હે ત્રિનેત્ર, અમૃતમંથનમાંથી ઉત્પન્ન થયેલા ઝેરથી બ્રહ્માંડ આખામાં અકાલ મૃત્યુની નોબત આવી ગયેલી અને એના ભયથી ભયભીત થયેલા દેવ-દાનવો પર કરુણાવશ થઇને સમુદ્રમાંથી નીકળેલા એ હળાહળ કાલકૂટ ઝેરનો સંહાર (આચમન કરીને તમે પચાવી ગયા) કરનાર આપના કંઠ પર જે કાળો નીલ ડાઘ લાગી ગયો છે, શું તે આપના કંઠની શોભામાં અભિવૃદ્ધિ નથી કરતો ? અવશ્ય કરે જ છે. તેથી જ તો તમે 'નીલકંઠ' કહેવાયા, કંઠની શોભાને વધારે છે. તેથી ઉચિત જ છે કે બ્રહ્માંડના ભયનો નાશ કરવામાં પ્રવૃત થયેલા સજ્જનોનો વિકાર પણ પ્રશંસનીય કહ્યો જાય છે. નિંદનીય નહીં જ. એ ઝેરે તો 'નીલકંઠ' નામ આપીને પ્રસંશા જ કરી છે.

અસિદ્ધાર્થા નૈવ ક્વચિદપિ સદેવાસુરનરે
નિવર્તન્તે નિત્યં જગતિ જયિનો યસ્ય વિશિખાઃ ।
સ પશ્યન્નીશ ત્વામિતરસુરસાધારણમભૂત્ -
સ્મરઃ સ્મર્તવ્યાત્મા ન હિ વશિષુ પથ્યઃ પરિભવઃ ।।૧૫।।

હે કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુ સમર્થ સર્વેશ્વર, જે કામદેવનાં તીક્ષ્ણ બાણ, દેવ, દાનવ અને માનવથી સભર ભરેલાં હોય, સમસ્ત વિશ્વમાં ગમે ત્યાંથી હંમેશાં પોતાનું કામ પૂરું કર્યા વિના પાછા ફરતાં જ નથી. એજ (દેવ, દાનવ, માનવ આદિ સંસારનાં બધાં પ્રાણીઓ પર પોતાનાં તીક્ષ્ણ બાણોથી સદા વિજયી થનાર) પુષ્પધન્વા કામદેવ આપને (મહાદેવને) અન્ય દેવતાઓ સમાન સામાન્ય દેવ જાણીને એટલે કે મતલબી દેવતાઓની ચઢવણીથી આપ સર્વેશ્વર અથવા મહેશ્વરને પણ એક મામુલી દેવ સમજીને એણે પોતાનાં બાણો દ્વારા વિજય મેળવવા માટે આપની સમાધિમાં વિઘ્ન કર્યું, આપના તૃતીય (જ્ઞાન) નેત્રથી નિકળનાર જ્ઞાનાગ્નિથી ભસ્મીભૂત થઇ ગયો, એ તો ઠીક છે. પોતાનાં શરીર, ઇન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણ વગેરેને વશમાં રાખવાવાળાનો અનાદર કરવો હિતકર નથી.

મહી પાદાઘાતાદ્ વ્રજતિ સહસા સંશયપદં
પદં વિષ્ણોર્ભ્રામ્યદ્ભુજપરિઘરુગ્ણગ્રહગણમ્ ।
મુહુર્દ્યૌર્દૌસ્થ્યં યાત્યનિભૃતજટાતાડિતતટા
જગદ્રક્ષાયૈ ત્વં નટસિ નનુ વામૈવ વિભુતા ॥૧૬॥

હે નટરાજ, જ્યારે આપ તાંડવ નૃત્ય કરો છો, ત્યારે આપના ઉઠાવેલાં ચરણને તાલની સાથે પૃથ્વી પર મૂકતી વખતે લાગતા આઘાતથી પૃથ્વી અચાનક એટલી ડામાડોળ થઇ જાય છે કે અહીં પડશે કે ત્યાં પડશે, ઊછળીને આકાશમાં ઊડી જશે, કે સરીને પાતાળમાં બેસી જશે ? વગેરે સંદેહસ્થિતિને પ્રાપ્ત થઇ જાય છે, જાણે કે ખેલાડીના પગથી ઠોકર મારેલો દડો વિષ્ણુ ભગવાન્‌ના પગ (ડગ) આકાશમાં નૃત્ય સમયે ઉપર ઉઠાવેલ અને અહીં-તહીં ઘૂમતી ભૂજાઓના થપેડાથી તારાગણ ચોટ ખાઇને ઇધરતિધર થઇ જાય છે, એટલે કે ભૂજાઓના આઘાતથી આકાશમાં આમતેમ ઊછળતા ગ્રહોની ભગદડ થઇ રહી છે. અને જાણે કે આકાશ ઉપદ્રવોનો અડ્ડો બની ગયું છે. સ્વર્ગ પણ જાણે ખુલ્લી જટાના ઝટકા કોઇ એક ખુણામાં લાગી જવાથી વારંવાર પોતાની ધરીથી છટકીને આમતેમ ઝૂકી રહ્યા છે. જો કે આપ દૈત્યોને મોહીને એમના ઉપદ્રવોથી મહી આદિ જગતની રક્ષા માટે જ નૃત્ય કરો છો. છતાં વૈભવ (મહત્ત્વ) વિપરીત જ થયા કરે છે, અર્થાત્ વૈભવશાળીઓના ખેલ પણ વૈભવહીનોના દુ:ખનું કારણ બનતા હોય છે.

વિયદ્વ્યાપી તારાગણગુણિતફેનોદ્ગમરુચિઃ
પ્રવાહો વારાં યઃ પૃષતલઘૂદૃષ્ટઃ શિરસિ તે ।
જગદ્ દ્વીપાકારં જલધિવલયં તેન કૃતમિ-
ત્યનેનૈવોન્નેયં ધૃતમહિમ દિવ્યં તવ વપુઃ ॥૧૭॥

આ શ્લોકમાં ગંગાવતરણનિમિત્તથી પૂર્વોક્ત વિભુતાનું જ વર્ણન છે. સમસ્ત આકાશને વ્યાપવાવાળું અને પ્રતિબિંબિત તારાગણોની ઝળહળ ઝળહળ થનારી ચમકથી અનેકગણી વૃદ્ધિ થઇ ગઇ છે ફીણમાં અને પરપોટાની શોભાથી જલ પ્રવાહ વહે છે તે જાણે કે આપના મસ્તક પર નાનકડા જલના કણ સમાન દેખાય છે, પછી

જ્યારે ભગીરથ રાજાની પ્રાર્થનાથી તમે જટાને ખંખેરી અને તે જલબિંદુ નીચે છાંટી દીધા ત્યારે એ જ જલબિંદુએ ધોધમાર પ્રચંડ પ્રવાહ બનીને પૃથ્વીને સમુદ્રરૂપ ગોલાકાર વલય કંદોરો બનાવીને ચારે તરફ જાણે ઘેરી લીધી અને બેટ જેવી બનાવી દીધી. આથી આપનું શરીર (સ્વરૂપ) અલૌકિક અને તેથી મહિમા (વિભુતા) ને ધારણ કરનારું બન્યું છે, આ રીતે અનુમાન કરવું જોઇએ. ભાવ એ છે કે આપનો વૈભવ આપના દિવ્યાદિક બધા જ કલ્યાણગુણ અનન્ત છે.

રથઃ ક્ષોણી યન્તા શતધૃતિરગેન્દ્રો ધનુરથો
રથાઙ્ગે ચન્દ્રાર્કૌ રથચરણપાણિઃ શર ઈતિ ।
દિધક્ષોસ્તે કોઽયં ત્રિપુરતૃણમાડમ્બરવિધિ -
ર્વિધેયૈઃ ક્રીડન્ત્યો ન ખલુ પરતન્ત્રાઃ પ્રભુધિયઃ ॥૧૮॥

પૃથ્વીને રથ, બ્રહ્માને સારથી, સુમેરુ (સુવર્ણ) પર્વતને ધનુષ, ચંદ્રસૂર્યને રથનાં પૈડાં અને ચક્રપાણિ વિષ્ણુ ભગવાનને બાણ બનાવીને ત્રિપુરાસુરરૂપી તણખલાને સળગાવવાની ઇચ્છા રાખવા આપ, આપને આટલા બધા આડંબરની રચનાની શી જરૂર હતી ? જરાય જરૂર ન હતી. જેણે વિશ્વવિજયી કામદેવને સંકલ્પમાત્રથી ભસ્મીભૂત કરી દીધો તેણે શુષ્ક તણખલાતુલ્ય ત્રિપુરાસુરને બાળવા માટે આવડો દેખાડો શા માટે કર્યો ? એ પણ આપની એક મોજ છે. ખરેખર હકીકત તો એ છે કે પોતાના હાથમાં રાખેલાં રમકડાંથી રમતા પ્રભાવશાળીઓથી બુદ્ધિ પરાધીન હોતી જ નથી, સર્વથા સ્વતંત્ર જ હોય છે. એમના વિશે ''આવું કેમ કર્યું'' અને ''તેવું કેમ કર્યું'' એ પ્રકારનું નિયોજન થઇ શકે જ નહિ.

હરિસ્તે સાહસ્રં કમલબલિમાધાય પદયો -
ર્યદેકોને તસ્મિન્નિજમુદહરન્નેત્રકમલમ્ ।
ગતો ભક્ત્યુદ્રેકઃ પરિણતિમસૌ ચક્રવપુષા
ત્રયાણાં રક્ષાયૈ ત્રિપુરહર જાગર્તિ જગતામ્ ॥૧૯॥

શિવભક્તિનો મહિમા એવો અનોખો છે કે ભક્તિ કોઇ એકાદ જ કરે પરન્તુ તેનું ફળ મળે સકલ વિશ્વને. આ જ રહસ્યને ભગવાન્ વિષ્ણુનું ઉદાહરણ આપીને

સમજાવે છે.

હે ત્રિપુરારે, ભગવાન્ વિષ્ણુ આપનાં ચરણોમાં એક હજાર કમલપુષ્પોની ભેટ ચઢાવવાનો નિયમ લઇને પૂજા કરતા રહેતા હતા. એવામાં એક દિવસ એ કમલપુષ્પોમાંથી એક કમલ ઘટી ગયું તેથી શ્રી વિષ્ણુ ભગવાને પોતાનું નેત્ર - નેત્રકમલ - સ્વયં પોતાના હાથથી કાઢીને નિયમિત સંખ્યા પૂરી કરવા આપનાં ચરણોમાં ચઢાવી દીધું ! આવી જ ભક્તિના આવેગે એમને શિવજી પાસેથી સુદર્શન-ચક્ર મળી ગયું અને આજે પણ એ જ સુદર્શન-ચક્રથી ત્રણે લોકોની રક્ષા શ્રી વિષ્ણુ ભગવાન્ કરી રહ્યા છે. તાત્પર્ય એ છે કે તીવ્ર ભક્તિથી પ્રસન્ન થઇને ભગવાન્ શંકરે વિષ્ણુજીને સુદર્શન આપ્યું. જે ત્રણે લોકોની રક્ષામાં તત્પર છે. આ રીતે ભક્તિ કરી વિષ્ણુ ભગવાને, અને સુદર્શન દ્વારા રક્ષા મળી સમસ્ત લોકને.

ક્રતૌ સુપ્તે જાગ્રત્ત્વમસિ ફલયોગે ક્રતુમતાં
ક્વ કર્મ પ્રધ્વસ્તં ફલતિ પુરુષારાધનમૃતે ।
અતસ્ત્વાં સમ્પ્રેક્ષ્ય ક્રતુષુ ફલદાનપ્રતિભુવં
શ્રુતૌ શ્રદ્ધાં બધ્વા દ્રઢપરિકરઃ કર્મસુ જનઃ ॥૨૦॥

યજ્ઞયાગાદિ કર્મ કરનારા સુકૃતિજનોના ક્રિયારૂપ યજ્ઞાદિની સમાપ્તિ પછી જ ફળ આપવા માટે આપ જ જાગતા રહીને, સાવધાન રહો છો એટલે કે ક્રિયારૂપ હોવાથી યજ્ઞાદિની સમાપ્તિની સાથે જ નિવૃત્તિ બાદ જ યજ્ઞાદિકોના સ્વર્ગાદિક ફળ દ્વારા જ અધિકારી જનોને યથાયોગ્ય અવસર પર નિયમપુરઃસર મળ્યા કરે છે. જો કોઇ એવી દલીલ કરે કે યજ્ઞાદિ કર્મોથી ધર્મ પુણ્યાદિ અપૂર્વ (અદૃષ્ટ) ઉત્પન્ન થાય છે અને એ અનુસાર ફળ મળતાં રહે છે - એમાં શિવજીની જરૂર ક્યાં પડી ? તો આવી દલીલ ઉચિત નથી. યજ્ઞાદિ કર્મ તો નષ્ટ કે નિવૃત થઇ ગયું એથી ઉત્પન્ન થનાર ફળ જડ છે તે ચેતન પુરુષ (શિવ) ની આરાધના વિના ક્યાંથી ફળ આપે ? ફળ આપી જ શકે નહિ. એ જ કારણે આપને કર્મોનાં ફળ અપાવવાની પ્રતિભૂતિ વિચારી સમજીને જ રાખી છે જેથી અધિકારી જનોનો, વેદ-વેદાનુસારી શાસ્ત્રમાં વિશ્વાસ બન્યો રહે. અને કર્મ કરતાં રહેવામાં દૃઢતા સાથે કમર કસીને તત્પર રહી શકાય.

પૂર્વોક્ત શ્રદ્ધાસહિત કરતાં શ્રદ્ધારહિત કે અશ્રદ્ધાથી કરેલા યજ્ઞાદિક કર્મનાં વિપરીત ફળ મળે છે તે હવે પછીના શ્લોકમાં દર્શાવ્યું છે.

ક્રિયાદક્ષો દક્ષઃ ક્રતુપતિરધીશસ્તનુભૃતા -
મૃષીણામાર્ત્વિજ્યં શરણદ સદસ્યાઃ સુરગણાઃ ।
ક્રતુભ્રંશસ્ત્વત્તઃ ક્રતુફલવિધાનવ્યસનિનો
ધ્રુવં કર્તુઃ શ્રદ્ધાવિધુરમભિચારાય હિ મખાઃ ॥૨૧॥

જેનું કોઇ શરણ નથી, જેમને કોઇ આશ્રય આપવા તૈયાર નથી, એવાં ભૂત, પ્રેત સર્પાદિ અનધિકારીને અધિકારી કરતાં પણ વધારે શરણ દેનાર દયાના ભંડાર હે ભોલેભંડારી, યજ્ઞાદિક ક્રિયામાં નિપુણ, દેહધારી પ્રજાના પતિ દક્ષપ્રજાપતિ (એ સમયના રાષ્ટ્રપતિ સ્વયં) યજ્ઞ કરાવનાર યજમાન હતા. ત્રિકાળદર્શી ભૃગુ વગેરે ઋષિલોકો ઋત્વિક વગેરે ક્રિયા કરાવનાર હતા. બ્રહ્મા, વિષ્ણુ, ઇન્દ્ર આદિ દેવગણ માનનીય સદસ્ય હતા અથવા ખાસ આમંત્રિત દર્શક હતા. અતિથિ વિશેષ હતા. છતાં યજ્ઞાદિકર્મફળ દેનારા અઠંગ અભ્યાસી આપે જ દક્ષયજ્ઞનનો ધ્વંસ કર્યો. આવું કેમ થયું ? ખરેખર તો એવું ન થવું જોઇએ. હા, યજ્ઞકર્તાની શ્રદ્ધા વગર કરેલા યજ્ઞકર્મો વિપરીત ફલદાયક જ થાય છે. મલતબ કે દક્ષની પાસે યજ્ઞની સફળતાની સંપૂર્ણ સાધનસામગ્રી હતી, કેવળ શિવ પ્રત્યેની શ્રદ્ધાનો અભાવ હતો. બસ આટલાથી જ યજ્ઞ પણ પોતાની સાથે દક્ષને લઇને સમાપ્ત થઇ ગયો.

પ્રજાનાથં નાથ પ્રસભમભિકં સ્વાં દુહિતરં
ગતં રોહિદ્‌ભૂતાં રિરમયિષુમૃષ્યસ્ય વપુષા ।
ધનુષ્પાણેર્યાતં દિવમપિ સપત્રાકૃતમમું
ત્રસન્તં તેઽદ્યાપિ ત્યજતિ ન મૃગવ્યાધરભસઃ ॥૨૨॥

દેવ, દાનવ અને માનવ આદિ બધાનાં નાકમાં નાથ નાખનાર, મર્યાદામાં રાખનાર, અને સન્માર્ગમાં ચલાવનાર હે પશુપતે, કામવૃતિને વશ થયેલા બ્રહ્માજીએ પોતાની સગી દીકરી સાથે બળપૂર્વક રમણ કરવાની ઇચ્છા કરી, દીકરી સંકોચની મારી હરિણી બની ગઇ અને ભાગવા લાગી ત્યારે બ્રહ્માજી મૃગનું શરીર ધારણ કરી,

પાછળ દોડવા લાગ્યા. આવા નિર્લજ્જ બ્રહ્માને પાઠ ભણાવવા અને નફ્ફટાઇનું ભાન કરાવવા તમે હાથમાં ધનુષ્ય ઊઠાવીને મૃગરૂપ ધારી બ્રહ્મા ને લક્ષ્ય કરીને એક અમોઘ બાણ છોડ્યું. બીધેલી મૃગી મૃગશિરા નક્ષત્ર થઇને આકાશમાં કૂદી ગયી, બ્રહ્મા પણ વ્યાધ નામનો તારો બનીને આકાશમાં પહોચ્યાં. તમારું બાણ પણ આદ્રા નક્ષત્ર બનીને બ્રહ્માની લગોલગ પહોંચી ગયું અને, હમણાં છેદાઇ જશે એવા ભયથી બ્રહ્માજી આજે પણ ભયભીત છે. બાણ તેમનો પીછો છોડતું નથી. ઉપદેશ એ લેવાનો કે જેવો અપરાધ થયો તેવી જ શિક્ષા પણ થઇ જ ને !

સ્વલાવણ્યાશંસા ધૃતધનુષમહ્નાય તૃણવ -
ત્પુરઃ પ્લુષ્ટં દૃષ્ટ્વા પુરમથન પુષ્પાયુધમપિ ।
યદિ સ્ત્રૈણં દેવી યમનિરત દેહાર્ધઘટના -
દવૈતિ ત્વામદ્ધા બત વરદ મુગ્ધા યુવતયઃ ।।૨૩।।

હે ત્રિપુરદાહક, પુષ્પધન્વા કામદેવે તો સર્વસૌંદર્યજન્મની જગદમ્બા પાર્વતીના સૌંદર્યરૂપ શસ્ત્રથી હું મહાદેવજીને ઝટ દઇને જીતી લઇશ એ આશામાં ધનુષ્ય ઉઠાવ્યું હતું પરંતુ ઇન્દ્રિય સંયમમાં રત રહેનારા હે યોગીશ્વર, એને પોતાની સામે જ તણખલાની જેમ તરત જ ભસ્મીભૂત થયેલો જોઇને પણ હે વરદાનદાતા, પાર્વતી પર કૃપા કરીને અર્ધનારીશ્વરરૂપે પોતાના દેહમાં અર્ધાંગે સ્થાન આપ્યું. આથી જો પાર્વતી આપને સ્ત્રીવશવર્તી સમજે તો ભલે સમજે, કેમકે મહિલાઓ પ્રાયઃ ભલીભોળી અને સમજહીન હોય છે. તથ્યતઃ તમે સ્ત્રૈણ નથી, પરંતુ જીતકામ છો.

શ્મશાનેષ્વાક્રીડા સ્મરહર પિશાચાઃ સહચરા -
શ્ચિતાભસ્માલેપઃ સ્રગપિ નૃકરોટીપરિકરઃ ।
અમંગલ્ય શીલં તવ ભવતુ નામૈવમખિલં
તથાપિ સ્મર્તૃણાં વરદ પરમં મંગલમસિ ।।૨૪।।

હે કામાન્તક, શ્મશાનોમાં આનન્દથી રમવું, ભૂતપ્રેતાદિ ખેલના સાથીદારો હોય, ચિતામાં બળી ગયેલાં મડદાંની રાખ, આખા શરીરમાં લગાડવાનો પાવડર, મનુષ્યની ખોપરીની બનાવેલી ગળાની રુંડમાળા (હાર) આ પ્રકારે સંપૂર્ણ અમંગલ

વસ્તુઓનો ઉપયોગ કરવાનો સ્વભાવ અમંગળ-કલ્પક ભલે હો, તો પણ, હે વાંછિત વરદાન દાતા, સ્મરણ કરનારા ભક્તો માટે તો તમે જ સૌથી વધારે મંગલમયરૂપ જ છો.

મનઃ પ્રત્યક્ચિત્તે સવિધમવધાયાત્તમરુતઃ
પ્રહૃષ્યદ્રોમાણઃ પ્રમદસલિલોત્સંગિતદશઃ ।
યદાલોક્યાહ્લાદં હ્રદ ઈવ નિમજ્યામૃતમયે
દધત્યન્તસ્તત્ત્વં કિમપિ યમિનસ્તત્કિલ ભવાન ॥૨૫॥

યમનિયમાદિ અષ્ટાંગ યોગાનુષ્ઠાનમાં રત થયેલા યોગીલોકો યોગશાસ્ત્રમાં વર્ણિત વિધિ અનુસાર પૂરક, કુંભક અને રેચક બાહ્યાભ્યન્તર પ્રાણાયામ દ્વારા પ્રાણવાયુ (શ્વાસ પ્રશ્વાસ) નો નિરોધ કરીને અને મનને અન્તરાત્મામાં એકાગ્ર કરીને કોઇ એક (અનિર્વચનીય એકરસ નિર્વિશેષ સચ્ચિદાનન્દરૂપ પરબ્રહ્મરૂપ) તત્ત્વનો પોતાની અંદર જ અવલોકન (અનુભવ) કરીને રોમાંચિત થાય છે. નેત્રોથી આનંદ-અશ્રુઓની ધારા વહાવે છે જાણે કે અમૃતના સરોવરમાં નિમગ્ન થઇને પરમાનન્દને ઉપલબ્ધ થઇ જાય છે, એવા નિર્ગુણ નિરાકાર બ્રહ્મતત્ત્વ પણ આપ જ તો છો.

ત્વમર્કસ્ત્વં સોમસ્ત્વમસિ પવનસ્ત્વં હુતવહ -
સ્ત્વમાપસ્ત્વં વ્યોમ ત્વમુ ધરણિરાત્મા ત્વમિતિચ ।
પરિચ્છિન્નામેવં ત્વયિ પરિણતા બિભ્રતુ ગિરં
ન વિદ્મસ્તત્તત્ત્વં વયમિહ તુ યત્ત્વં ન ભવસિ ॥૨૬॥

આપ સૂર્ય છો, આપ ચન્દ્રમા છો, આપ વાયુ છો, આપ અગ્નિ છો, આપ જલ છો, આપ આકાશ છો, આપ પૃથિવી છો અને આપ જ આત્મા પણ છો. આ પ્રકારે આપની અષ્ટમૂર્તિઓનું વર્ણન શાસ્ત્રોમાં જોવા મળે છે. આ આઠ જ મૂર્તિઓના પ્રતિપાદનમાં દૃઢ આગ્રહ રાખનાર વિદ્વાન લોકો આપના પ્રતિપાદનમાં પરિચ્છિન્ન (સંકુચિત) વાણી ભલે બોલતા રહે, પરન્તુ અમે એવી એક પણ વસ્તુ અહીં જોતા નથી જે આપ ન હો. ભાવ એ છે કે વસ્તુ સર્વ કોઇ આપનું સ્વરૂપમાત્ર છે, અસીમ, અનન્ત આપના સ્વરૂપમાં કોઇ પણ પ્રકારે પરિચ્છિન્નતા સંભવી શકતી જ નથી.

ત્રયીં તિસ્રો વૃત્તિસ્ત્રિભુવનમથો ત્રીનપિ સુરા -
નકારાદ્યૈર્વર્ણૈસ્ત્રિભિરભિદધત્તીર્ણવિકૃતિ ।
તુરીયં તે ધામ ધ્વનિભિરવરુન્ધાનમણુભિઃ
સમસ્તં વ્યસ્તં ત્વાં શરણદ ગૃણાત્યોમિતિ પદમ્ ॥૨૭॥

શરણાર્થીમાત્રને વગર ભેદભાવે શરણમાં રાખનાર હે મહાશરણ્ય શિવજી, ઓમ (ૐ) આ પદ, શબ્દ યા નામ અકારાદિ (અકાર, ઉકાર અને મકાર આ ત્રણ) આ ત્રણ અક્ષરોમાં વિભક્ત, (પદાર્થરૂપે) ઋક્, યજુઃ અને સામ આ ત્રણે વેદોના રૂપમાં, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અથવા ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ ત્રણ અવસ્થાઓના રૂપમાં સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ આ ત્રણે લોકોનાં રૂપમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રણ દેવોના રૂપમાં, વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ આ ત્રણ શરીરાભિમાની વિરાટ, હિરણ્યગર્ભ અને ઇશ્વર આ ત્રણ સમષ્ટિ અભિમાની, અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ ઇત્યાદિ સર્વ ત્રિપુટીઓના રૂપમાં પણ આપની જ અવયવ શક્તિ દ્વારા વાચ્યાર્થરૂપની કથન કરે છે અને અખંડ અવિભક્ત થયેલ એજ ૐ પદ સમુદાયવૃત્તિથી વિકારરહિત શુદ્ધ સર્વ ત્રિપુટીઓથી પર આપના સ્વરૂપને સૂક્ષ્મ અર્ધમાત્રારૂપ ધ્વનિઓ દ્વારા લક્ષ્ય કરાતા કથન થાય છે. એટલે કે સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ વગેરે જે કાંઇ છે તે સર્વ ૐ કારથી અભિન્ન શિવ જ છે.

ભવઃ શર્વો રુદ્રઃ પશુપતિરથોગ્રઃ સહમહાં -
સ્તથા ભીમેશાનાવિતિ યદભિધાનાષ્ટકમિદમ્ ।
અમુષ્મિન્પ્રત્યેકં પ્રવિચરતિ દેવ શ્રુતિરપિ
પ્રિયાયાસ્મૈ ધામ્ને પ્રવિહિતનમસ્યોઽસ્મિ ભવતે ॥૨૮॥

હે દિવ્યતાના ભંડાર, ભવ (જગતને પેદા કરનાર), શર્વ (ભક્તોને સુખી કરનારા), રુદ્ર (રાક્ષસોને રડાવનાર), પશુપતિ (પશુઅજ્ઞાની જીવોના પાશને તોડી પાડનાર), ઉગ્ર (અજ્ઞાન આદિ દોષોને બાળી દેનાર, તીક્ષ્ણ પ્રચંડ જ્ઞાનાગ્નિરૂપ) ઇશ્વરોના પણ ઇશ્વર મહેશ્વર અથવા દેવોના પણ દેવ મહાદેવ, ભીમ (પાપીઓ માટે

ભયંકર), તથા ઇશાન (અપરાધીઓ માટે સમર્થ શાસક), આ રીતે (પાવનોને પણ પાવન કરનાર) જે આપનાં આ આઠ નામ છે એમાંથી પ્રત્યેક નામની વેદ, શાસ્ત્ર (અને ''અપિ'' શબ્દથી બ્રહ્મા, વિષ્ણુ - ઇન્દ્ર - શેષ શારદાદિ દેવગણ અને નારદાદિ ઋષિગણ) પણ ખૂબ વિચાર તથા પૂર્ણ શ્રદ્ધાપૂર્વક સ્તુતિ કરતા રહે છે. આ રીતે વેદાદિ જેમના એક એક નામની સ્તુતિમાં સંલગ્ન છે, એવા પરમપ્રિય આ પરમ તેજસ્વી જ્યોતિ: સ્વરૂપ આપ ભગવાન્ શંકરને હું પણ મનસા-વાચા-કર્મણા સાષ્ટાંગ નમસ્કાર કરું છું.

નમો નેદિષ્ઠાય પ્રિયદવ દવિષ્ઠાય ચ નમો
નમ: ક્ષોદિષ્ઠાય સ્મરહર મહિષ્ઠાય ચ નમ: ।
નમો વર્ષિષ્ઠાય ત્રિનયન યવિષ્ઠાય ચ નમો
નમ: સર્વસ્મૈ તે તદિદમિતિસર્વાય ચ નમ: ॥૨૯॥

હે એકાન્તપ્રિય, નિકટથી પણ નિકટ અન્તરાત્મસ્વરૂપ આપને નમસ્કાર હો, અને દૂરાત્સુદૂર આપને નમન હો. હે કામાન્તક, અણોરણીયાન્ આપને નમન હો અને મહતો મહીયાન આપને નમન હો. હે ત્ર્યમ્બક, વૃદ્ધથી પણ વૃદ્ધ કાલાતીત આપને નમસ્કાર, યુવાનોમાં પણ યુવાન સદાબહાર યુવાન આપને નમું છું, સર્વરૂપ આપને પ્રણામ અને તે જે પરોક્ષ - પ્રત્યક્ષ આદિ સર્વ અવસ્થાઓથી અતીત અનિર્વચનીયં આપને નમન હો, નમસ્કાર હો લાખો પ્રણામ હો.

બહલરજસે વિશ્વોત્પત્તૌ ભવાય નમો નમ:
પ્રબલતમસે તત્સંહારે હરાય નમો નમ: ।
જનસુખકૃતે સત્વોદ્રિક્તૌ મૃડાય નમો નમ:
પ્રમહસિ પદે નિસ્ત્રૈગુણ્યે શિવાય નમો નમ: ॥૩૦॥

વિશ્વની ઉત્પત્તિ માટે પૂર્ણ રજોગુણી બનેલા બ્રહ્મારૂપ આપને વારંવાર વંદન હો. તમામ જીવોને (અનંત જીવસૃષ્ટિને) સુખી કરવા માટે સત્વગુણની વૃદ્ધિ કરીને વિશ્વપાલક વિષ્ણુસ્વરૂપધારી મૃડ (આપ)ને અનંતવાર પ્રણામ હો. પ્રલયનો સમય આવે ત્યારે વિશ્વનો સંહાર કરવા પ્રબલ તમોગુણી પ્રચંડમૂર્તિ રુદ્રરૂપધારી આપને

હરઘડી નમન હો. અવિદ્યાના લેશથી પણ શૂન્ય પૂર્ણ પ્રકાશરૂપ મોક્ષપદની પ્રાપ્તિ માટે ત્રિગુણાતીત પ્રપંચોપશમ શિવસ્વરૂપ આપને કોટિશઃ નમસ્કાર હો.

હે શિવજી વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને વ્યવસ્થા (લય) આ અવસ્થાઓના કારણ રજોગુણી ભવ (બ્રહ્મા), સત્ત્વગુણી મૃડ (વિષ્ણુ) અને તમોગુણી હર (રુદ્ર) આ સર્વ નામરૂપ આપના જ હોય છે. વસ્તુતઃ આપનું સ્વરૂપ આ સર્વથી રહિત નિસ્ત્રૈગુણ્ય જ છે.

કૃશપરિણતિ ચેતઃ ક્લેશવશ્યં ક્વચેદં
ક્વ ચ તવ ગુણસીમોલ્લંઘિની શશ્વદૃદ્ધિઃ ।
ઈતિ ચકિતમમન્દીકૃત્ય માં ભક્તિરાધા -
દ્વરદ ચરણયોસ્તે વાક્યપુષ્પોપહારમ્ ॥૩૧॥

હે વરદાયક, ક્યાં એક બાજુ આ મારું પંચક્લેશાધીન સામર્થ્યહીન પંગુ ચિત્ત અને તે પણ શેને યોગ્ય છે ? કશાયને યોગ્ય નથી, નર્યું અયોગ્ય છે અને બીજી બાજુ ક્યાં આપનો ત્રણેય ગુણોની અવધિ-સિમા-પહોંચની બહાર, ભૂત, ભવિષ્ય, વર્તમાન આ ત્રણે કાળથી અતીત આપનો અનન્ત અસીમ મહિમા ! આ મારી પોતાની અયોગ્યતાના ભાનથી આપના વિશે એક પણ શબ્દ કહેવામાં મને ડર લાગતો હતો, પરન્તુ આપના ચરણની ભક્તિએ જ મને ઉત્સાહિત કરીને ભક્તિ કરવા યોગ્ય બનાવ્યો, અને મેં આપનાં ચરણમાં મહિમ્નઃ સ્તોત્રના શ્લોકોરૂપી પુષ્પોની ભેટ ધરી. આ સ્તોત્ર આપની ભક્તિનો જ પ્રતાપ છે.

અસિતગિરિસમં સ્યાત્કજ્જલં સિન્ધુપાત્રે
સુરતરુવરશાખા લેખની પત્રમુર્વી ।
લિખતિ યદિ ગૃહીત્વા શારદા સર્વકાલં
તદપિ તવ ગુણાનામીશ પારં ન યાતિ ॥૩૨॥

હે મહેશ, આપના દિવ્ય અને કલ્યાણમય ગુણોને લેખબદ્ધ કરવા માટે આખા સમુદ્રને ખડીઓ બનાવીએ, કાળા પર્વતની શાહી બનાવીએ, મોટાં મોટાં કલ્પવૃક્ષની કલમ બનાવીએ, અને આખી પૃથ્વીને કાગળ બનાવીએ, આ બધી અસંભવિત

વસ્તુઓને સંભવિત બનાવીને સ્વયં સરસ્વતી દેવી ખાવું, પીવું, સૂવું, મરવું વગેરે બધું છોડીને આખો વખત અજર અમર રહીને લખ્યા જ કરે બસ લખ્યા જ કરે તો પણ આપના ખાસ ખાસ, મુખ્ય મુખ્ય ગુણોનો પણ પાર પામી શકે નહિ. બીજાઓની તો તાકાત જ શી ?

અસુરસુરમુનીન્દ્રૈરર્ચિતસ્યેન્દુમૌલે -
ર્ગ્રથિતગુણમહિમ્નો નિર્ગુણસ્યેશ્વરસ્ય ।
સકલગુણવરિષ્ઠઃ પુષ્પદન્તાભિધાનો
રુચિરમલઘુવૃતૈઃ સ્તોત્રમેતચ્ચકાર ॥૩૩॥

અસુરેન્દ્ર સુરેન્દ્ર તથા મુનીન્દ્રો દ્વારા પૂજિત ચંદ્રમૌલીશ્વર ગુણોના મહિમાથી યુક્ત તત્ત્વમાં તો નિર્ગુણ મહાદેવજીના આ મનોહારી 'શિવમહિમ્નઃ સ્તોત્ર' નામના સ્તોત્રને સર્વગન્ધર્વ ગણોમાં શ્રેષ્ઠ 'પુષ્પદન્ત' નામના ગન્ધર્વરાજે મોટો છંદ શિખરિણીમાં બનાવ્યું છે. સંભવતઃ 'શિવમહિમ્નઃ સ્તોત્ર' અહીં સમાપ્ત થઇ ગયું. આ પછીના શ્લોકો માહાત્મ્યના છે.

અહરહરનવદ્યં ધૂર્જટેઃ સ્તોત્રમેત -
ત્પઠતિ પરમભક્ત્યા શુદ્ધચિત્તઃ પુમાન્યઃ ।
સ ભવતિ શિવલોકે રુદ્રતુલ્યસ્તથાઽત્ર
પ્રચુરતરધનાયુઃ પુત્રવાન્કીર્તિમાંશ્ચ ॥૩૪॥

જે મનુષ્ય ચિત્તને પાવન કરીને પરમ ભક્તિપૂર્વક શિવજીના પરમ પવિત્ર આ સ્તોત્રનો રોજ પાઠ કરશે તે અહીં આ લોકમાં ધનધાન્યઆયુસંપન્ન થઇને પુત્રાદિ કુટુમ્બવાળો થશે. માન-ઇજ્જત પ્રાપ્ત થશે તથા શરીરનું પ્રારબ્ધ પુરું થતાં મરણ પછી શિવસદૃશ થઇને શિવલોકમાં મહિમાને પ્રાપ્ત કરશે.

દીક્ષા દાનં તપસ્તીર્થં જ્ઞાનંયાગાદિકાઃ ક્રિયા : ।
મહિમ્નઃ સ્તવપાઠસ્ય કલાં નાર્હન્તિ ષોડશીમ્ ॥૩૫॥

દીક્ષા લેવી, દાન આપવું, તપ કરવું, તીર્થસેવન અને શાસ્ત્રજ્ઞાન, યજ્ઞ વગેરે સકલ ક્રિયાઓ હે શંકર, અથવા હે વિષ્ણુ, આપના મહિમ્નસ્તોત્રના પાઠની સોળમી

કળાની બરાબરી પણ ન કરી શકે.

આસમામમિદં સ્તોત્રં પુણ્યં ગંધર્વભાષિતમ્ ।
અનૌપમ્યં મનોહારિ શિવમીશ્વરવર્ણનમ્ ॥૩૬॥

પવિત્ર શ્રી પુષ્પદંતપ્રણીત અનુપમ, મનોહારી, મંગલમય હરિહર વર્ણનથી પરિપૂર્ણ આ સ્તોત્ર ૩૪ શ્લોક સુધીમાં સમાપ્ત થઇ ગયું અથવા સમાપ્તિ સુધી પુણ્યમ્, અનૌપમ્યમ્ અને મનોહારિ શિવમ્ અને ઇશ્વરવર્ણનમ્ છે.

મહેશાન્નાપરો દેવો મહિમ્નો નાપરા સ્તુતિઃ ।
અઘોરાન્નાપરો મંત્રો નાસ્તિતત્ત્વં ગુરોઃ પરમ્ ॥૩૭॥

મહેશ્વરથી મોટા કોઇ દેવ નથી, મહિમ્નસ્તોત્રથી વધારે સુંદર અન્ય કોઇ સ્તોત્ર નથી, અઘોર (પ્રણવ) મંત્રથી મોટો કોઇ અન્ય મંત્ર નથી અને ગુરુથી શ્રેષ્ઠ કોઇ અન્ય તત્ત્વ છે જ નહીં.

કુસુમદશનનામા સર્વગન્ધર્વરાજઃ
શિશુશશધરમૌલેર્દેવદેવસ્ય દાસઃ ।
સ ખલુ નિજમહિમ્નો ભ્રષ્ટ એવાસ્ય રોષા -
ત્સ્તવનમિદમકાર્ષીદ્દિવ્યદિવ્યં મહિમ્નઃ ॥૩૮॥

જટામુકુટમાં દ્વિતીયાના બાલચંદ્રને ધારણ કરનાર દેવાધિદેવ મહાદેવનો ભક્ત પુષ્પદંત નામક એક ગંધર્વોનો રાજા હતો. તે શિવજીના કોપથી પોતાની અદશ્ય થવાની શક્તિ, તિરોધાન વિદ્યા, કહો કે નજરબંધી ગુમાવી બેઠો હતો. પરન્તુ તેણે શિવજીને પ્રસન્ન કરવા માટે દિવ્યાતિદિવ્ય આ શિવમહિમાનું સ્તોત્ર બનાવ્યું અને ભૂતભાવન ભગવાન શંકરની કૃપાથી પુનઃ વિદ્યાશક્તિને પ્રાપ્ત થયો, એવું સાંભળવા મળે છે.

સુરવરમુનિપૂજ્યં સ્વર્ગમોક્ષૈકહેતું
પઠતિ યદિ મનુષ્યઃ પ્રાંજલિર્નાન્યચેતાઃ ।

વ્રજતિ શિવસમીપં કિન્નરૈઃ સ્તૂયમાનઃ
સ્તવનમિદમમોઘં પુષ્પદંતપ્રણીતમ્ ॥૩૯॥

મોટા મોટા દેવો અને મુનિગણો જેમાં પૂજ્યભાવ (શ્રદ્ધા) રાખે છે, સ્વર્ગ મોક્ષનું મુખ્ય કારણ ક્યારેય નિષ્ફળ નહીં જનારા આ પુષ્પદંત રચિત આ સ્તોત્રોનો કોઇ પણ મનુષ્ય હાથ જોડીને શિવજી સિવાય અન્યમાં ચિત્ત ન રાખીને જે પાઠ કરશે તો પ્રારબ્ધભોગ પૂર્ણ થયા પછી કિન્નરો દ્વારા માર્ગમાં સત્કાર પામતો શિવલોકને પ્રાપ્ત થશે. કેવળ પાઠ કરવા માત્રથી શિવસામીપ્યની પ્રાપ્તિ થાય છે. તો પછી સમજીને, અંતરમાં ઊતારીને, પાઠ કરનાર તો શિવસારૂપ્યને જ ઉપલબ્ધ થઇ જાય છે.

શ્રીપુષ્પદંતમુખપંકજનિર્ગતેન
સ્તોત્રેણ કિલ્વિષહરેણ હરપ્રિયેણ ।
કંઠસ્થિતેન પઠિતેન સમાહિતેન
સુપ્રીણિતો ભવતિ ભૂતપતિર્મહેશઃ ॥૪૦॥

શ્રીપુષ્પદંતના મુખકમલમાંથી ઝરેલું કાયિક, વાચિક અને માનસિક સર્વ પ્રકારનાં પાપોને હરી લેનાર ભગવાન્ શંકરને સર્વાધિક પ્રિય લાગનાર અને સમાન ભાવથી સર્વનું હિત કરનાર આ સ્તોત્ર છે. એને કંઠસ્થ કરીને દરરોજ પાઠ કરનાર પર પંચમહાભૂતોના અથવા જડચેતનસમુદાય વિશ્વના પતિ - નાથ શંકર ભગવાન્ અતિ પ્રસન્ન થઇ જાય છે અને પાઠ કરનાર ભક્તને જ્ઞાન આપીને કૃતાર્થ કરી દે છે.

ઇત્યેષા વાઙ્મયી પૂજા શ્રીમચ્છઙ્કરપાદયોઃ ।
અર્પિતા તેન દેવેશઃ પ્રીયતાં મે સદાશિવઃ ॥૪૧॥

આ રીતે આ શિવમહિમ્નસ્તોત્રરૂપ શબ્દમયી ભેટ શ્રદ્ધાંજલિ એ પુષ્પદંતે **શ્રી શંકર ભગવાનનાં ચરણ કમલમાં સમર્પિત કરી છે, અને સમર્પિત કરતાં જ દેવદેવ નિત્યમંગલમય મહાદેવ એમના પર પ્રસન્ન થઇ ગયા હતા એવી જ રીતે મારા પર પણ પ્રસન્ન થાઓ.**

યદક્ષરં પદં ભ્રષ્ટં માત્રાહીનં ચ યદ્ભવેત્ ।
તત્સર્વં ક્ષમ્યતાં દેવ પ્રસીદ પરમેશ્વર ॥૪૨॥

હે દયાળો, પાઠ કરતી વખતે અસાવધાનીથી પ્રમાદવશ જો કોઇ અક્ષર, પદ, કે માત્રાનું અશુદ્ધ ઉચ્ચારણ થઇ ગયું હોય કે કશું રહી ગયું હોય તો મને અબોધ બાળક ગણીને ક્ષમા કરજો અને હે પ્રભુ, મારા પર પ્રસન્ન રહો બસ, આપની પ્રસન્નતામાં જ મારી પ્રસન્નતા છે.

હરિઃ ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

તે પરમાત્મા પૂર્ણ છે, આ જગત પણ પૂર્ણ છે. તે પૂર્ણ પરમાત્મામાંથી જ આ જગત ઉત્પન્ન થયું છે. તે પૂર્ણ પરમાત્માની પૂર્ણતા ગ્રહણ કરી લીધા પછી પૂર્ણ પરમાત્મા જ શેષ રહી જાય છે.

આધ્યાત્મિક શાન્તિ થાઓ. આધિદૈવિક શાન્તિ થાઓ. આધિભૌતિક શાન્તિ થાઓ. અંદરપણ શાન્તિ રહો, બાહર પણ શાન્તિ રહો, ભૂત, ભવિષ્ય વર્તમાનમાં શાન્તિ હો. સર્વત્ર શાન્તિ જ શાન્તિ થાઓ.